# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

# ગાંધીનગર

## માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા (S.S.C.E.) અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા (H.S.C.E.) સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાના સફળ સંચાલન માટેનો

# ACTION PLAN

# પૂરક પરીક્ષા- 2024

**<u>પ્રકાશક</u>**

સચિવ,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

ગાંધીનગર

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| 1. | પ્રસ્તાવના અને પરીક્ષા સંબંધી વ્યવસ્થા | 3 |
| 2. | માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા (SSCE) પૂરક – 2024નો કાર્યક્રમ | 9 |
| 3. | ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા (HSCE) સામાન્યપ્રવાહ પૂરક – 2024નો કાર્યક્રમ | 10 |
| 4. | ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા (HSCE) વિજ્ઞાનપ્રવાહ પૂરક – 2024નો કાર્યક્રમ | 12 |
| 5. | સંસ્કૃત પ્રથમા પરીક્ષા પૂરક-2024નો કાર્યક્રમ | 13 |
| 6. | સંસ્કૃત મધ્યમા પરીક્ષા પૂરક-2024નો કાર્યક્રમ | 14 |
| 7. | જિલ્લાવાર ધોરણ-10 SSCના પરીક્ષાર્થીઓની સંખ્યા દર્શાવતું પત્રક | 15 |
| 8. | જિલ્લાવાર-ગૃપવાર ધોરણ-12 HSC સામાન્યપ્રવાહના પરીક્ષાર્થીઓની સંખ્યા દર્શાવતું પત્રક | 16 |
| 9. | જિલ્લાવાર-ગૃપવાર ધોરણ-12 HSC વિજ્ઞાનપ્રવાહના પરીક્ષાર્થીઓની સંખ્યા દર્શાવતું પત્રક | 17 |
| 10. | ધોરણ-10 SSCના પરીક્ષાના ઝોન અને તેમાં સમાવિષ્ટ કેન્દ્રોની માહિતી | 18 |
| 11. | ધોરણ-12 HSC સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાનપ્રવાહના પરીક્ષાના ઝોન અને તેમાં સમાવિષ્ટ કેન્દ્રોની માહિતી | 19 |
| 12. | ધોરણ-10 એસ.સી.એસ. પૂરક-2024 ઝોન વાઈઝ તારીજ | 20 |
| 13. | ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ પૂરક-2024 ઝોન વાઈઝ તારીજ | 21 |
| 14. | ધોરણ-12 સામાન્ય પ્રવાહ પૂરક-2024 ઝોન વાઈઝ તારીજ | 22 |
| 15. | પરીક્ષા સંબંધિત અગત્યની સૂચનાઓ | 23 |

## પ્રસ્તાવના

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી આગામી પૂરક - 2024ની માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા (SSCE) અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા (HSCE)ના સુચારુ સંચાલન માટે પ્રતિબદ્ધ સર્વે અધિકારીશ્રીઓ અને કર્મચારીઓનું અભિવાદન.

આ વર્ષે SSC અને HSCની પૂરક પરીક્ષાઓ તા:-24/06/2024 થી પ્રારંભ થનાર છે. આ પરીક્ષામાં 2,38,030 જેટલા વિદ્યાર્થીઓએ ઉમેદવારી નોંધાવી છે, ત્યારે પ્રત્યેક પરીક્ષાર્થી ગેરરીતિમુક્ત વાતાવરણમાં નિર્ભયતાથી પરીક્ષા આપી શકે તેમજ સર્વે સાથે મળીને પરીક્ષા સંચાલનનું કાર્ય સુવ્યવસ્થિતરૂપે પાર પાડી શકીએ તે માટે એક્શન પ્લાન પૂરક 2024 તૈયાર કરેલ છે.

આગામી પૂરક-2024ની પરીક્ષાના સુચારૂ સંચાલન માટે સમગ્ર રાજ્યમાં SSCE માટે કુલ 34 ઝોન અને HSCE માટે કુલ-34 ઝોનની રચના કરવામાં આવેલ છે. જ્યારે SSC માટે કુલ 41 કેન્દ્રો અને HSCE સામાન્યપ્રવાહ અને વિજ્ઞાનપ્રવાહના 34 કેન્દ્રોમાં પરીક્ષા લેવામાં આવશે.

તા:-24/06/2024 થી તા:-06/07/2024 સુધી ચાલનારી બોર્ડની SSCE અને HSCE ની પરીક્ષાના વિશાળ એવા સમગ્ર તંત્રમાં સમાવિષ્ટ સર્વેને પરીક્ષાના સુચારુ સંચાલન માટે શુભકામના.

**ACTION PLANના હેતુઓ :**

(1) પરીક્ષાના સમગ્ર વ્યવસ્થાતંત્રમાં સંકળાયેલ અધિકારી, કર્મચારીઓ, વાલીઓ તેમજ આમ જનતા આગામી પરીક્ષાની સંપૂર્ણ વ્યવસ્થાને જાણે, જેથી પરીક્ષાના સુચારુ સંચાલનમાં આવશ્યક સહયોગ પ્રદાન કરી શકે.

(2) પરીક્ષાતંત્રમાં રોકાયેલ તમામ અધિકારીઓ અને કર્મચારીઓને પરીક્ષાલક્ષી વિવિધ પાસાંઓનું માર્ગદર્શન મળી રહે.

(3) જિલ્લા કક્ષાનું વ્યવસ્થાતંત્ર પોતાનું આગવું આયોજન કરી, પરીક્ષાઓના સફળ સંચાલનનો જિલ્લા કક્ષાનો એક્શન પ્લાન તૈયાર કરી શકે.

(4) તમામ કેન્દ્રો પર ગેરરીતિરહિત, શાંતિપૂર્ણ અને ભયમુક્ત વાતાવરણમાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકે તેવું આયોજન કરી શકે.

(5) વિદ્યાર્થીઓની મુશ્કેલીઓના તાત્કાલિક નિવારણ અર્થે અને તનાવમુક્ત રીતે પરીક્ષા આપી શકે તે માટે કાઉન્સેલિંગ અને હેલ્પલાઈન અંગેનું જિલ્લા તથા રાજ્ય કક્ષાએ વ્યવસ્થાતંત્ર સુનિશ્ચિત કરવું.

**[A] રાજ્યસ્તરની વ્યવસ્થા :**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડની કચેરી, ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાનો 24 કલાક ચાલતો 'સ્ટેટ કન્ટ્રોલ રૂમ" પરીક્ષા શરૂ થવાના બે દિવસ પહેલાં કાર્યરત થશે. જે રાજ્યના તમામ જિલ્લાઓ સાથે સીધો સંપર્ક અને સંકલન કરશે. વિદ્યાર્થી વાલીઓને જરૂરી માર્ગદર્શન માટે બોર્ડના હેલ્પલાઈન નંબર, તેમજ માનસિક તનાવ અનુભવતા વિદ્યાર્થી/વાલીઓ માટે જીવનઆસ્થા હેલ્પલાઈન નંબર ઉપલબ્ધ રહેશે.

સ્ટેટ કંટ્રોલરૂમ, બોર્ડનો હેલ્પલાઈન નંબર અને જીવન આસ્થા હેલ્પલાઈન નંબરોની જાણ અખબાર યાદી દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવશે. (આ નંબરો પાના નં. 08 ઉપર દર્શાવેલ છે.)

**[B] જિલ્લા કક્ષાની વ્યવસ્થા:-**

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓની કચેરીમાં જિલ્લા કન્ટ્રોલરૂમ પરીક્ષા શરૂ થવાના એક દિવસ અગાઉ શરૂ થશે, જે સવારે 7-00 થી રાત્રિના 8-00 સુધી કાર્ય કરશે. પરીક્ષાર્થી વાલીઓ શાળાઓને મૂંઝવતા પ્રશ્નોને સાંભળીને જરૂરી માર્ગદર્શન આપશે. આ ઉપરાંત જે તે ઝોનના ઝોનલ અધિકારી પણ પરીક્ષાર્થીઓને જરૂર પડે માર્ગદર્શનનું કાર્ય કરશે.

**જિલ્લા કક્ષાના કંટ્રોલરૂમના ફોન નંબરની માહિતી જે તે સ્થાનિક વર્તમાનપત્રમાં બહોળી પ્રસિદ્ધિ અર્થે આપી વિદ્યાર્થીઓ/વાલીઓને મદદરૂપ થવામાં આવશે. તદ્ઉપરાંત કાઉન્સેલિંગની વ્યવસ્થા પણ ઊભી કરવામાં આવશે.**

**[C]** જિલ્લા પરીક્ષા સમિતિ: શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંક:મશબ-**2001-1921**-છ, તા.**16** ફેબ્રુઆરી, **2002**ના ઠરાવ મુજબ

વંચાણે લીધો : ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનો તા. **11-1-2002**નો

પત્રક્રમાંક : મશબ-પ.નિ.-**01**

આમુખ ક્રમાંક-**1**માં દર્શાવેલ માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના તા.**11-1-2000**ના પત્ર અન્વયે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં બોર્ડ દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓ અંગે સમિતિ રચવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઉક્ત વિચારણાના અંતે જે તે જિલ્લા કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં નીચેના સભ્યોની ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની પરીક્ષાઓના સંચાલન માટે સ્થાયી પરીક્ષા સમિતિ રચવાનું આથી ઠરાવવામાં આવે છે.

| | |
|---|---|
| (1) જે તે જિલ્લાના કલેક્ટરશ્રી | અધ્યક્ષશ્રી |
| **(2)** જે તે જિલ્લાના પોલીસ વડા | સભ્ય |
| **(3)** જે તે જિલ્લાના માધ્યમિક શિક્ષણ બોર્ડના સભ્યશ્રી | સભ્ય |
| **(4)** રાજ્ય અને રાષ્ટ્રીય ઍવોર્ડ વિજેતા શિક્ષકો આચાર્યો (સેવાકાલીન અને નિવૃત્ત) | સભ્ય |
| **(5)** માન્ય સંઘોના પ્રમુખશ્રીઓ અને મંત્રીશ્રીઓ | સભ્ય |
| **(6)** જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | સભ્ય સચિવ |
| **(7)** જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી | સભ્યશ્રી |

આ સમિતિમાં અધ્યક્ષશ્રી (કલેક્ટરશ્રી)ને જરૂર જણાયે અન્ય સભ્યોને આમંત્રિત કરી શકશે.

આ અંગે કોઈ ખર્ચ રાજ્ય સરકારે ભોગવવાનો રહેશે નહીં અને બોર્ડના ભંડોળમાંથી જ ખર્ચ પાડવાનો રહેશે.

રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સહી/--
(એમ. સી. વાઘેલા)
સેક્શન અધિકારી,
શિક્ષણ વિભાગ

ઉક્ત પરિપત્રને ધ્યાનમાં લઈ જિલ્લા કક્ષાએ જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષપણા હેઠળ 'જિલ્લા પરીક્ષા સમિતિ"ની રચના કરવી. જેના અધ્યક્ષશ્રી જિલ્લા કલેક્ટરશ્રી રહેશે અને સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તેના સભ્ય સચિવ છે. આ સમિતિમાં બોર્ડ મેમ્બર, મહેસૂલ, શિક્ષણ, માહિતી, પોલીસ ખાતાના અધિકારીઓ તેમજ શિક્ષણ ખાતાના અન્ય માન્ય સંઘોના રાજ્ય/જિલ્લા કક્ષાના પ્રમુખ/મંત્રીશ્રીઓનો સમાવેશ કરવામાં આવશે. આ સમિતિ બોર્ડના સીધા માર્ગદર્શન હેઠળ પરીક્ષાનું સફળ સંચાલન કરી સમાજમાં વિશ્વસનીયતાનું વાતાવરણ પ્રસ્થાપિત કરશે.

**[D]** <u>જિલ્લા પરીક્ષા સમિતિનાં કાર્યો :</u>

1. કેન્દ્ર સંવાહકોની મીટિંગ કરી પરીક્ષાના સફળ સંચાલન માટે જરૂરી સૂચનાઓ તાલીમ આપશે.
2. જિલ્લાના પરીક્ષાસ્થળોનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરી પરીક્ષાઓનું સુચારુ સંચાલન થાય અને કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે જરૂરી આયોજન કરશે.
3. જરૂર પડે તો આવા પરીક્ષાસ્થળો પર ખંનિરીક્ષકો, પોલીસ વગેરેનું આગોતરું આયોજન કરશે.
4. સ્કવોર્ડના સભ્યોને કામગીરીની પૂરી સમજ આપશે અને તેનો અમલ કરાવશે. જિલ્લાના પરીક્ષા કેન્દ્રો પર જરૂર જણાય ત્યાં સ્કવોર્ડ મોકલવાનું આયોજન કરશે. આ સ્કવોર્ડે બંને સેશન (સવારે અને બપોર બાદ)માં ફરજ

બજાવવાની રહેશે. સ્કવોર્ડની ટુકડીઓ પરીક્ષાકેન્દ્રો પર સમયસર પહોંચી શકે તેવું આયોજન કરશે. (જરૂરિયાત મુજબ બોર્ડ દ્વારા સ્કવોર્ડ રચના કરી મોકલવામાં આવશે.)

5. પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલ તમામ અધિકારી/કર્મચારીઓને બોર્ડનું ઓળખપત્ર આપશે.
6. પરીક્ષા દરમિયાન આડકતરી રીતે સંકળાયેલા માથાભારે અને અસામાજિક તત્ત્વોની યાદી તૈયાર કરીને તેમને જરૂર જણાયે પોલીસની સીધી દેખરેખ હેઠળ મૂકશે.

**[E]** પરીક્ષા સ્થળો :

1. દરેક પરીક્ષાના સ્થળોની સીધી જવાબદારી જે તે સ્થળસંચાલકની રહે છે.
2. પરીક્ષાની કામગીરીમાં સંકળાયેલ કર્મચારીઓને નિયત કરેલા ઓળખપત્રો આપવામાં આવશે. શાળાના ફરજ પરના સ્ટાફની વિગતો સ્થળસંચાલક રજિસ્ટરમાં રાખશે તથા તેનું નિયંત્રણ કરશે.
3. માસકોપી થતી હોય તેવા અને ગંભીર પ્રકારની અનિયમિતતા જોવા મળતી હોય તેવા પરીક્ષાસ્થળો પર પોલીસ બંદોબસ્તની વ્યવસ્થા કરવી, જરૂર પડે એસ.આર.પી.ની વ્યવસ્થા કરવી.
4. પરીક્ષાસ્થળની અંદર બિનઅધિકૃત વ્યક્તિના પ્રવેશ પર પ્રતિબંધ રાખવાનો છે.
5. પરીક્ષાસ્થળના મુખ્ય દરવાજેથી દરેક પરીક્ષાર્થીના પ્રવેશપત્રની ચકાસણી કરીને પ્રવેશ આપવામાં આવશે. પ્રવેશપત્ર સિવાય કંઈ પણ સાહિત્ય લઈ જવા દેવામાં આવશે નહીં, પરીક્ષાર્થી કે ફરજ પરના કોઈ પણ કર્મચારીએ પરીક્ષા દરમિયાન મોબાઈલ ફોન પોતાની પાસે રાખવાનો નથી.
6. કોઈ પરીક્ષાર્થી પાસેથી ગેરરીતિ અંગેનું સાહિત્ય મળશે તો તેની સામે ગેરરીતિનો કેસ કરવામાં આવશે.
7. જે પરીક્ષાર્થીનો ગેરરીતિનો કેસ નોંધાયો હોય તે પરીક્ષાર્થીની જવાબવહીમાં અને ઉપર લાલ શાહીથી ગેરરીતિ કેસ લખી સહી કર્યા બાદ નિયત ફોર્મમાં ગેરરીતિનો કેસ તૈયાર કરવાનો રહેશે.
8. પોલીસની કામગીરી પરીક્ષાસ્થળના (કમ્પાઉન્ડ) બહાર કાયદો અને વ્યવસ્થા જાળવવાની છે. સ્થળસંચાલક કે બોર્ડ અધિકારીની સૂચના સિવાય પોલીસે પરીક્ષાસ્થળ ખંડમાં પ્રવેશ કરવાનો નથી.
9. પરીક્ષા સ્થળ/ખંડમાં કોઈ કર્મચારીની પ્રવૃત્તિ શંકાસ્પદ કે વાંધાજનક જણાય તો સંવાહકે તાત્કાલિક તેઓને બદલી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સાથે પરામર્શ કરી લેવો.
10. ફરજ પરના મામલતદાર, પ્રાંત ઑફિસર કે ડી.વાય.એસ.પી. કક્ષાના અધિકારી જરૂર જણાયે સ્થળસંચાલકને લઈને પરીક્ષા કેન્દ્રની મુલાકાત/અવલોકન કરી શકશે.
11. જિલ્લા પરીક્ષા સમિતિની સૂચના અનુસાર કાર્યવાહી કરવાની રહે છે.
12. પરીક્ષાસ્થળે ફરિયાદ પેટી/સૂચના પેટીની વ્યવસ્થા કરવી. દરરોજ પેટી ખોલવી અને સૂચનો/ફરિયાદના નિરાકરણ માટે ત્વરિત પગલાં ભરવા.
13. પરીક્ષા કેન્દ્ર પર મુલાકાતી નોંધ અંગેનું રજિસ્ટર રાખવું. જેમાં પરીક્ષાસ્થળની મુલાકાતની તારીખ, સમય અને રોકાણ કરેલ હોય તો તે સમયની સંબંધિત મુલાકાતી નોંધ કરી સહી કરશે.
14. જરૂર જણાય ત્યાં પરીક્ષાસ્થળ/પરીક્ષાખંડમાં પ્રવેશતાં પહેલાં પરીક્ષાર્થીઓ બૂટમોજાં બહાર કાઢી પ્રવેશ કરે તેવી સૂચના આપવી.
15. માત્ર **HSC**ની પરીક્ષામાં સાદા કૅલ્ક્યુલેટરનો ઉપયોગ કરવા દેવાશે, પરંતુ કોઈપણ સંજોગોમાં સાયન્ટીફિક કૅલ્ક્યુલેટર સાથે ઉમેદવારને પરીક્ષા સ્થળમાં પ્રવેશ આપવામાં આવશે નહીં. **S.S.C.**ની પરીક્ષામાં કોઈપણ કૅલ્ક્યુલેટરનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ છે.
16. પ્રથમ દિવસે વિદ્યાર્થી પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ કરે ત્યારે તેઓનું ફૂલ, સાકર કે ગોળધાણા વગેરેથી સ્વાગત કરવું.
17. શાળાની ફરતે કમ્પાઉન્ડ વૉલની ચકાસણી કરી લેવી.
18. પૂરતા હવા-ઉજાસવાળા ઓરડાઓની પસંદગી કરવી.
19. શાળામાં લાઈટ અને પંખાની પૂરતી સગવડની ચકાસણી કરવી.
20. પરીક્ષાર્થીઓને પોતાની જગ્યા પર જ શુદ્ધ અને ઠંડું પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરવી.
21. જે શાળા / બિલ્ડિંગમાં **CCTV** છે ત્યાં પરીક્ષા શરૂ થવાથી પૂર્ણ થાય ત્યાં સુધી **CCTV** ચાલુ રહે, તેનું રેકોર્ડિંગ વ્યવસ્થિત થાય તેની તકેદારી સ્થળસંચાલક અને સરકારી પ્રતિનિધિએ રાખવાની રહેશે.

22. વિદ્યાર્થીઓ પરીક્ષાસ્થળમાં પ્રવેશ કરે તે પ્રવેશદ્વારની નજીક વિદ્યાર્થીના જવાના રસ્તા પર નજરમાં આવે તે રીતે એક પશ્ચાત્તાપ પેટી' રાખવી. કે જેમાં વિદ્યાર્થી જે કંઈ ગેરરીતિ માટેનું સાહિત્ય લાવેલ હોય તે સ્વેચ્છાએ પશ્ચાતાપ પેટીમાં નાખશે. વિદ્યાર્થી પરીક્ષાખંડમાં પ્રવેશ કર્યા બાદ તેની પાસે કોઈ પણ પ્રકારનું સાહિત્ય ન રહે તે મુખ્ય ઉદ્દેશ્ય છે.
23. ખાસ કરીને વિદ્યાર્થીઓ ભયમુક્ત આદર્શ વાતાવરણમાં શાંતિપૂર્વક પરીક્ષા આપે અને તેઓ પરીક્ષામાં સારી સફળતા મેળવે તે આપણી સૌની ફરજ છે.

**[F] ઝોનલ કચેરી :**

પરીક્ષા સ્થળો પર સતત અને સીધી દેખરેખ રાખવા માટે આ રાજ્યમાં ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના અને માધ્યમિક શાળાંત પરીક્ષાના જરૂરિયાત પ્રમાણે ઝોન રાખવામાં આવશે. પ્રશ્નપત્રો પહોંચાડવામાં વિલંબ ન થાય તે માટે ઝોનની સંખ્યા વધારીને અંતર ઘટાડવામાં આવ્યું છે. ઝોનની કચેરીએથી ઉત્તરવહી/પ્રશ્નપત્રો પરીક્ષા સ્થળ સુધી પહોંચાડવા માટે બોર્ડ દ્વારા વાહનની પૂરતી વ્યવસ્થા કરવામાં આવશે. પ્રશ્નપત્રો તેમજ ઉત્તરવહી ખાનગી રેકર્ડ ગણાશે. ઝોનલ કચેરીઓ જિલ્લાના અને રાજ્યના કન્ટ્રોલ રૂમ સાથે સતત સંપર્કમાં રહેશે. ઝોનલ કચેરીએથી પરીક્ષાને લગતું ખાનગી સાહિત્ય દરેક પરીક્ષાસ્થળ પર રોજે રોજ પ્રતિનિધિ મારફતે મોકલવામાં આવશે અને રોજે રોજ પરીક્ષા પછી પરત મેળવશે તથા લખેલ ઉત્તરવહીઓ તે જ દિવસે બોર્ડ દ્વારા સૂચિત સ્થળે મોકલી આપશે.

સરકારી પ્રતિનિધિઓએ પ્રશ્નપત્ર/ઉત્તરવહી કેન્દ્ર ઉપર પહોંચાડવા, લખેલી ઉત્તરવહીઓ પાલા કેન્દ્ર ઉપર પહોંચાડવા માટે તથા સ્કવોર્ડની કામગીરી માટે વાહનોનો કરકસરપૂર્વક ઉપયોગ કરવાનો રહેશે.

**[G]** સલામતી વ્યવસ્થા:-

જિલ્લા પરીક્ષા સમિતિ વધુમાં નીચેની કાર્યવાહી કરશે.

1. પરીક્ષા સ્થળોની આજુબાજુ જરૂરિયાત મુજબના પ્રતિબંધાત્મક (144મી કલમ) હુકમો કરાવી, તેનો અમલ કરાવશે.
2. પરીક્ષા સ્થળોની આજુબાજુની તમામ ઝેરોક્ષની દુકાનો બંધ કરાવશે.
3. પરીક્ષા વ્યવસ્થામાં વપરાતા તમામ વાહનો પર **ON EXAM DUTY** લખવામાં આવે તો **RTO** કે પોલીસ ખાતું બિનજરૂરી રીતે રોકે નહીં તેની ખાતરી કરવી જોઈએ.
4. પરીક્ષાસ્થળે પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલ હોય તેવા તમામ કર્મચારી/અધિકારીને ઓળખપત્રોઆપવામાં આવશે. (દા.ત., સ્કવોર્ડ, ઓબ્ઝર્વર, બોર્ડ પ્રતિનિધિ) ફરજ પરના કર્મચારી ઓળખપત્ર વિના ફરજ પર રહી શકશે નહીં.
5. પરીક્ષા કેન્દ્રોની જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા પરીક્ષાઓ શરૂ થવાના ચાર-છ દિવસ અગાઉ મોજણી થવી જોઈએ. પ્રવેશદ્વાર, બારી-બારણાં, લાઇટ-પંખા, શૌચાલયો, શાળા બિલ્ડિંગની ફરતે કોટ, બેઠક વ્યવસ્થા વગેરેમાં જરૂર જણાયે સુધારા અંગે આચાર્યશ્રીને યોગ્ય જાણ કરી તે કાર્યવાહી કરવા સૂચના આપવી. (ખૂબ નાના વર્ગખંડો વાપરવા નહીં.) પરીક્ષા દરમ્યાન વીજપુરવઠો ન ખોરવાય તે માટે વિદ્યુતબોર્ડને જાણ કરવી.
6. વાલીઓ, વિદ્યાર્થીઓને ખોટી અફવાઓ, નકલી પ્રશ્નપત્રોની લાલચ અને ગેરરીતિના પેંતરા વગેરેથી દૂર રહેવા અપીલ કરવી. વિદ્યાર્થીઓ શાંત, સ્વસ્થ ચિત્તે આત્મવિશ્વાસ પૂર્વક નિર્ભયતાથી પરીક્ષા આપી શકે તેવું વાતાવરણ સર્જવામાં સૌનો સહકાર જરૂરી છે, તેવા નિવેદનો કરવા, કરાવવા. આ માટે માર્ગદર્શન કેન્દ્રો ખોલવા પણ વિચારી શકાય.
7. આ વખતની પરીક્ષાની કામગીરીમાં સંકળાયેલ વર્ગ-2 અને તેનાથી ઉપરની કક્ષાના તમામ અધિકારીશ્રીઓએ જો પોતાનું સંતાન ધોરણ 10/12ની પરીક્ષામાં ઉપસ્થિત થવાનું હોય તો પોતાના તથા બાળકોના બાયોડેટા એક પત્રકમાં ભરીને પોતાના જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને સોંપવા. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ તેનું રજિસ્ટર નિભાવવાનું રહેશે. જિલ્લા શિક્ષણાધિકારીના કિસ્સામાં આવું પત્રક બોર્ડના નાયબ નિયામકશ્રી (પરીક્ષા)ને સોંપવું.
8. માસ કોપી થતી હોય તેવા કિસ્સામાં કે બહારનાં તત્ત્વો દ્વારા વારંવાર ખલેલ પહોંચાડાતી હોય તેવા પરીક્ષા સ્થળોને તાકીદે બંધ કરવા બોર્ડને ભલામણ કરશે તેમજ તે માટે જવાબદાર તમામ સામે ફોજદારી રાહે પગલાં લેવાનાં રહેશે. સંબંધિત કર્મચારીઓ સામે ફોજદારી અને ખાતાકીય રાહે પગલાં લેવાનાં રહેશે.

**[H] નીચેની બાબતો પર ખાસ ધ્યાન આપવું :**

1. બિલ્ડિંગમાં પ્રશ્નપત્રનું બોક્ષ પાર્સલ ખોલતાં પહેલાં બોક્ષ પાર્સલ સીલબંધ સ્થિતિમાં છે તે બાબતની ખાતરી માટે સ્થળસંચાલક, ખંડનિરીક્ષક અને સરકારી પ્રતિનિધિની હાજરીમાં પરીક્ષા શરૂ થવાની 15 મિનિટ પહેલાં CCTV કૅમેરા સામે પ્રશ્નપત્રના બોક્ષ / પાર્સલ પર સ્થળસંચાલક, સરકારી પ્રતિનિધિ અને બે ખંડનિરીક્ષક આ તમામની સહી લેવી તેમજ સમય નોંધવો. ત્યારબાદ CCTV કૅમેરા સામે પ્રશ્નપત્રનું બોક્ષ ખોલવાનું રહેશે. બોક્ષ ખોલવાની આ પ્રક્રિયાનું કડક રીતે અમલીકરણ થાય તે જોવું.
2. ખંડનિરીક્ષકોને ડ્રો પદ્ધતિથી બ્લોક ફાળવવા અને તે પ્રક્રિયાનું વિડિયો રેકોર્ડિંગ કરાવવું. બ્લોક નંબરની માહિતી પરીક્ષાના સમય સુધી ગુપ્ત રહેવી જોઈએ.
3. પરીક્ષાસ્થળે રાખેલી ફરિયાદ પેટીમાંથી ખંડનિરીક્ષક અંગે આવેલી ફરિયાદ અંગે તાત્કાલિક કાર્યવાહી કરવી જેથી અન્ય ખંડનિરીક્ષકો પર તેનો દાખલો બેસે. રોજે રોજ ફરિયાદ પેટી ખોલવાનું રાખવું. શંકાસ્પદ વ્યક્તિને ખંડનિરીક્ષકની ફરજ સોંપવી નહીં તથા તેની સામે જરૂરી કાર્યવાહી કરવી.
4. જે વિષયની પરીક્ષા હોય તે વિષયના શિક્ષકોને તે વિષયના પ્રશ્નપત્ર સમયે નિરીક્ષકની ફરજ સોંપવી નહીં.
5. પરીક્ષામાં ગેરરીતિ ડામવાની જવાબદારી માત્ર સ્કવોર્ડની છે તેવો ખ્યાલ દૂર કરી સરકારી પ્રતિનિધિ, સ્થળસંચાલક, ખંડનિરીક્ષક અને સ્કવોર્ડના પરસ્પર સહકારથી પરીક્ષા દરમિયાન ગેરરીતિ ડામવા તમામ પ્રયાસો કરવા.
6. પરીક્ષા શરૂ થયા પછી ગેરરીતિ સાહિત્ય/કાપલી વગેરેમાંથી કોપી કરતાં કોઈ પરીક્ષાર્થી નિરીક્ષક કે સરકારી પ્રતિનિધિ અથવા સ્કવોર્ડ દ્વારા પકડાશે તો તેઓની સામે ગેરરીતિનો કેસ (Copy Case) તૈયાર કરી સ્થળ સંચાલક મારફતે બોર્ડને મોકલી આપવાના રહેશે.
7. **ગેરરીતિ ડામવાના આશયથી પરીક્ષાના તમામ ઉમેદવારો તેમનો બેઠક નંબર પ્રશ્નપત્ર પર લખે તેની કાળજી ખંડનિરીક્ષકે રાખવાની છે તેવી સૂચના આપવી. આ અંગે નિષ્કાળજી દાખવનાર ખંડનિરીક્ષક સાથે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.**
8. ખંડનિરીક્ષક, સ્થળસંચાલક, સરકારી પ્રતિનિધિ અને સ્કવોર્ડ સભ્યોએ કરવાની થતી કામગીરી અને જવાબદારીઓ વિગતવાર આપવામાં આવેલ છે. તેનો ચુસ્તપણે અમલ કરવો.
9. **ગેરરીતિ અંગેની પ્રવિધિ** :

   ગેરરીતિ આચરતા પકડાયેલ પરીક્ષાર્થીઓની સંપૂર્ણ માહિતી અને નિવેદન પત્રક 004 મુજબ લેવાના છે. જે ઝોનલ અધિકારી દ્વારા સ્થળસંચાલકને પૂરા પાડવામાં આવશે. આ ઉપરાંત, વધારાના પુરાવાઓ તરીકે સ્કવોર્ડના સભ્યશ્રીએ નીચે મુજબની પ્રવિધિ કરવાની રહેશે.

   (અ) પરીક્ષાર્થી પાસેથી પકડાયેલ બિનઅધિકૃત મોબાઇલ ફોન, કાપલી, સાહિત્ય કે સાધનો પર પરીક્ષાર્થી અને ખંડનિરીક્ષકની સહી કરવાની રહેશે અને જપ્ત કર્યાના સમય અને તારીખ દર્શાવીને પોતાની સહી કરવાની છે.

   (બ) પરીક્ષાર્થીઓએ પોતે આ પકડાયેલ સાધન, સાહિત્યનો ઉપયોગ કરીને ઉત્તરવહીના જે પાનાંઓ લખેલા છે તેના પર પણ સ્કવોર્ડના સભ્યએ વિગતો દર્શાવીને પોતાની તથા ખંડનિરીક્ષકની સહીઓ કરવાની છે અને ગેરરીતિ અંગેનાં નિવેદનો પણ મેળવ્યા બાદ પરીક્ષાર્થીઓને ફરીથી કયા સમયે ઉત્તરવહી લખવા માટે પરત આપી તેની પણ વિગત પોતાના જ તેમજ ખંડ નિરીક્ષકના હસ્તાક્ષર સાથે ઉત્તરવહીમાં જે તે જગ્યાએ દર્શાવીને પોતાની ટૂંકી સહી કરવાની છે.

   આ પુરાવાઓ જ્યારે જ્યારે આવા ગેરરીતિના કિસ્સાઓ ન્યાયની કોર્ટ કે અન્ય અર્ધન્યાયિક સત્તાધિકારી સમક્ષ પડકારવામાં આવે ત્યારે તે ખૂબ જ આવશ્યક હોય છે. તેથી આ પુરાવાઓ લેવાનું સ્કવોર્ડના સભ્યોએ ચૂકવું જોઈએ નહીં.
10. **વર્ગખંડ કે બહાર ગેરરીતિનો કેસ પકડનાર અધિકારી/કર્મચારી નિરીક્ષકો/સ્કવોર્ડના સભ્યોએ પોતે જ કેસની તમામ વિગતો/ફાઇલ તૈયાર કરવાની રહેશે. સ્થળ પર પૂરતી કાર્યવાહી નહીં થવાના કારણે (વિદ્યાર્થીની વિગત, વિદ્યાર્થીનું નિવેદન, પકડાયેલ સાહિત્ય પર વિદ્યાર્થી અને કેસ કરનારની સહીઓ-નામ સરનામાસાથે, ગેરરીતિનો કેસ કરનારના સ્વયં સ્પષ્ટ રિ-માર્કસ, રોજકામ વગેરે સિવાય) આખરી નિર્ણય લેવામાં મુશ્કેલીઓ ઊભી થાય છે. ગેરરીતિના કિસ્સામાં કાર્યવાહી નિયમ પ્રમાણે પૂર્ણ ન કરનાર સ્કવોર્ડ સભ્ય કે અધિકારી પોતે કસૂરવાર ઠરશે.**

11. સ્કવોર્ડમાં વિવાદાસ્પદ વ્યક્તિઓ અને પોતાના સંતાન જે સ્થળે પરીક્ષા આપતા હોય ત્યાં ન મૂકાય તેનું ખાસ ધ્યાન રાખવું. સ્કવોર્ડમાં નિષ્ઠાવાન શિક્ષકો - કર્મચારીઓને, રાજ્યના અને રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા શિક્ષકો આચાર્યોને સામેલ કરવા. બોર્ડ દ્વારા સ્ક્વોર્ડ ગોઠવણી અંગે પરીક્ષા અગાઉ જરૂરી સૂચનાઓ આપવામાં આવશે.

12. **S.S.C.**ના ઉમેદવારો માટે :

- ધોરણ-**10**ના તમામ પ્રશ્નપત્રો **80** ગુણના રહેશે. જ્યારે વૉકેશનલ કોર્સના વિષયકોડ **41** થી **90- 30** (ત્રીસ) ગુણના રહેશે.
- પ્રશ્નપત્રનો સમય **10:00** થી **10:15** કલાક પ્રશ્નપત્ર વાંચવા માટે તથા **10:15**થી **13:15** કલાક જવાબવહીમાં ઉત્તરો લખવા માટે રહેશે. વિષયક્રમાંક **41**થી **90**માં **11:15** સુધી લખવા દેવામાં આવશે. (એક કલાક)

13. **H.S.C.** ના ઉમેદવારો માટે : દરેક પ્રશ્નપત્રમાં **15** મિનિટનો સમય વધુ ફાળવવામાં આવશે. જે દરમિયાનઉમેદવારે ઉત્તરવહી ઉપરની વિગતો ભરવા માટે **05** મિનિટ અને **10** મિનિટ પ્રશ્નપત્ર વાંચવા માટે ફાળવવામાં આવશે અને ઉત્તરો લખવા માટે નિયમોનુસાર સમય **1** કલાક / **2** કલાક **|** **3** કલાક આપવામાં આવશે. (દા.ત. **10-30** થી **1-45**ના સમયમાં **10-30** થી **10-45** ઉત્તરવહી ઉપરની વિગતો ભરવા માટે અને પ્રશ્નપત્ર વાંચવા માટે આપવામાં આવશે. જ્યારે **10-45** થી **1-45**નો સમય ઉત્તરવહી લખવા માટે રહેશે. તે જ રીતે **3-00** થી **6-15**ના સમય માટે **03-15** થી **06-15**નો સમય ઉત્તરવહી લખવા માટેનો રહેશે.)

- વિજ્ઞાન પ્રવાહ પરીક્ષાના **PART-A** અને **PART-B** માટે કાર્યક્રમમાં દર્શાવ્યા મુજબનો સમય રહેશે.

14. **Differently Abled** ઉમેદવારો માટે

1. **Differently Abled** વિદ્યાર્થીઓ માટે અલગ બ્લોકની વ્યવસ્થા બોર્ડ દ્વારા કરવામાં આવેલ છે. આવા ઉમેદવારો માટે ગ્રાઉન્ડ ફ્લોર (ભોંયતળિયે) પર બેઠક વ્યવસ્થા કરવાની રહેશે.
2. **Differently Abled** ઉમેદવારોના કિસ્સામાં લહિયાની મંજૂરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી આપશે. લહિયા પૂરા પાડવાની જવાબદારી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની રહેશે જે માટે તેઓએ જિલ્લાના તમામ કેન્દ્રો માટે બોર્ડના નોર્મ્સ પ્રમાણેના લહિયાનું લિસ્ટ તૈયાર રાખવાનું રહેશે.
3. શક્ય હોય ત્યાં **Differently Abled** ઉમેદવારો માટે શાળાના બિલ્ડિંગમાં 'રેમ્પ'ની વ્યવસ્થા કરવી.


ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

બોર્ડની વેબસાઈટ : www.gseb.org

બોર્ડનું ઇમેઈલ એડ્રેસ :

**S.S.C.- ssc10exam2024@gmail.com**
**H.S.C. (Sci.) - gsebhscscience@gmail.com**
**H.S.C. (Gen.) - hsck1gseb@gmail.com**

બોર્ડનો હેલ્પલાઈન નંબર : **Toll Free : 1800-233-5500**

"જીવનઆસ્થા" હેલ્પલાઈન નંબર :**Toll Free : 1800-233-3330**

સ્ટેટ કંટ્રોલ રૂમ સંપર્ક નંબર : **99090 38768, 079-23220538**

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા

## ધોરણ-૧૦ એસ.એસ.સી.(પૂરક)-૨૦૨૪ પરીક્ષાનો કાર્યક્રમ

| તારીખ/વાર | સમય | વિષય | |
|---|---|---|---|
| 24/06/2024 (સોમવાર) | 10:00 AM થી 01:15 PM | ગુજરાતી (પ્રથમ ભાષા) (01)<br>હિન્દી (પ્રથમ ભાષા) (02)<br>મરાઠી (પ્રથમ ભાષા) (03)<br>અંગ્રેજી (પ્રથમ ભાષા) (04)<br>ઉર્દૂ (પ્રથમ ભાષા) (05) | સિંધી (પ્રથમ ભાષા) (06)<br>તામિલ (પ્રથમ ભાષા) (07)<br>તેલગુ (પ્રથમ ભાષા) (08)<br>ઉડિયા (પ્રથમ ભાષા) (09) |
| 25/06/2024 (મંગળવાર) | 10:00 AM થી 01:15 PM | અંગ્રેજી (દ્વિતીય ભાષા) (16) | |
| 26/06/2024 (બુધવાર) | 10:00 AM થી 01:15 PM | વિજ્ઞાન (11) | |
| 01/07/2024 (સોમવાર) | 10:00 AM થી 01:15 PM | સામાજિક વિજ્ઞાન (10) | |
| 02/07/2024 (મંગળવાર) | 10:00 AM થી 01:15 PM | ગુજરાતી (દ્વિતીય ભાષા) (13) | |
| 03/07/2024 (બુધવાર) | 10:00 AM થી 01:15 PM | સ્ટાન્ડર્ડ ગણિત (12)<br>બેઝિક ગણિત (18) | |
| 04/07/2024 (ગુરુવાર) | 10:00 AM થી 01:15 PM | હિન્દી (દ્વિતીય ભાષા) (14)<br>સિંધી (દ્વિતીય ભાષા) (15)<br>સંસ્કૃત (દ્વિતીય ભાષા) (17)<br>ફારસી (દ્વિતીય ભાષા) (19)<br>અરબી (દ્વિતીય ભાષા) (20)<br>ઉર્દૂ(દ્વિતીય ભાષા) (21)<br>હેલ્થકેર(41)<br>બ્યુટી એન્ડ વેલનેશ(42)<br>ટ્રાવેલ ટુરિઝમ(43)<br>રિટેઇલ (44)<br>ઇલેક્ટ્રોનિકસ એન્ડ હાર્ડવેર(49)<br>એગ્રીકલ્ચર (50) | અપેરલ મેડ અપ એન્ડ હોમ ફર્નિશિંગ(76)<br>ઓટોમેટિવ(78)<br>ટુરિઝમ એન્ડ હોસ્પિટાલિટી (80)<br>બેન્કિંગ, ફાયનાન્સિયલ સર્વિસ એન્ડ ઇન્સ્યોરન્સ (82)<br>ફુડ પ્રોસેસિંગ (84)<br>IT(આઇ.ટી.)/ITes(આઇ.ટી.ઇ.એસ.)(86)<br>પ્લમ્બર (88)<br>સ્પોર્ટસ/ફિઝિકલ એજ્યુકેશન ફિટનેસ એન્ડ લેઇઝર (90) |

- SSC ધોરણ 10 ના તમામ પ્રશ્નપત્રો 80 ગુણના રહેશે. જયારે વોકેશનલ કોર્સના વિષય કોડ 41, 42, 43, 44, 49, 50, 76, 78, 80, 82, 84, 86, 88, 90 વિષયના પ્રશ્નપત્રો ૩૦(ત્રીસ) ગુણના રહેશે.
- પ્રશ્નપત્રનો સમય 10:00 થી 10:15 કલાક પ્રશ્નપત્ર વાંચવા માટે તથા 10:15AM થી 1:15PM સુધી ઉત્તરો લખવા માટેનો રહેશે. વિષય ક્રમાંક 41, 42, 43, 44, 49, 50, 76, 78, 80, 82, 84, 86, 88, 90 માં 11:15 સુધી લખવા દેવામાં આવશે.
- પરીક્ષાર્થીએ પોતાની મુખ્ય ઉત્તરવહી ઉપર વિષયના નામની આગળ પ્રશ્નપત્રમાં દર્શાવેલ વિષયકોડ નંબર અવશ્ય લખવો પરંતુ ઉત્તરવહીના મુખ્ય પાના ઉપર કોઇ પણ પ્રકારની ઓળખ નિશાની કરવી નહિ.
- પરીક્ષાના પ્રથમ દિવસે પરીક્ષાર્થીઓએ પરીક્ષા શરૂ થવાના સમયના અડધો કલાક અગાઉ હાજર થવાનું રહેશે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા

## પૂરક પરીક્ષા-2024 ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને ઉ.ઉ.બુ.પ્રવાહ

| તારીખ/વાર | સમય | વિષય | સમય | વિષય |
|---|---|---|---|---|
| 24/06/2024 (સોમવાર) | 10:30 AM To 1:45 PM | આંકડાશાસ્ત્ર (135) | 3:00 PM To 6:15 PM | ભૂગોળ(148) |
| 25/06/2024 (મંગળવાર) | 10:30 AM To 1:45 PM | અર્થશાસ્ત્ર (022) | 3:00 PM To 6:15 PM | સંસ્કૃત (129)<br>ફારસી (130)<br>અરબી (131)<br>પ્રાકૃત (132) |
| 26/06/2024 (બુધવાર) | 10:30 AM To 1:45 PM | ગુજરાતી (પ્રથમ ભાષા) (001)<br>હિન્દી (પ્રથમ ભાષા) (002)<br>મરાઠી (પ્રથમ ભાષા) (003)<br>ઉર્દૂ (પ્રથમ ભાષા) (004)<br>સિંધી (પ્રથમ ભાષા) (005)<br>અંગ્રેજી (પ્રથમ ભાષા) (006)<br>તામિલ (પ્રથમ ભાષા) (007) | 3:00 PM To 6:15 PM | ગુજરાતી (દ્વિતીય ભાષા) (008)<br>અંગ્રેજી (દ્વિતીય ભાષા) (013) |
| 01/07/2024 (સોમવાર) | 10:30 AM To 1:45 PM | વાણિજ્ય વ્યવસ્થા (046) | 3:00 PM To 6:15 PM | સમાજશાસ્ત્ર(139) |
| 02/07/2024 (મંગળવાર) | 10:30 AM To 1:45 PM | ચિત્રકામ સૈદ્ધાંતિક(137)<br>ચિત્રકામ પ્રાયોગિક (138)<br>સંગીત સૈદ્ધાંતિક (146)*<br>કમ્પ્યૂટર પરિચય (331)**<br>હેલ્થકેર (401)***<br>રિટેઇલ (403) ***<br>બ્યુટી એન્ડ વેલનેશ (405) ***<br>એગ્રીકલ્ચર (409) ***<br>અપેરલ મેડઅપ એન્ડ હોમ ફર્નિશિંગ(411) ***<br>ઓટોમોટિવ (413) ***<br>ઇલેક્ટ્રોનિકસ એન્ડ હાર્ડવેર (415) ***<br>ટુરિઝમ એન્ડ હોસ્પિટાલિટી (417) *** | 3:00 PM To 6:15 PM | તત્વજ્ઞાન (136)<br>કૃષિ વિદ્યા (060)<br>ગૃહજીવન વિદ્યા (068)<br>વસ્ત્ર વિદ્યા (076)<br>પશુપાલન અને ડેરી વિજ્ઞાન(080)<br>વનવિદ્યા અને વનઔષધિ વિદ્યા (351) |
| 03/07/2024 (બુધવાર) | 10:30 AM To 1:45 PM | નામાના મૂળતત્વો (154) | 3:00 PM To 6:15 PM | હિન્દી (દ્વિતીય ભાષા) (009) |
| 04/07/2024 (ગુરુવાર) | 10:30 AM To 1:45 PM | સેક્રેટરિયલ પ્રેક્ટિસ અને વાણિજ્ય પત્રવ્યવહાર(337) | 3:00 PM To 6:15 PM | મનોવિજ્ઞાન (141) |
| 05/07/2024 (શુક્રવાર) | 10:30 AM To 1:45 PM | રાજ્યશાસ્ત્ર (023) | 3:00 PM To 6:15 PM | સામાજિક વિજ્ઞાન (058) |
| 06/07/2024 (શનિવાર) | 10:30 AM To 1:45 PM | ઇતિહાસ (029) | 3:00 PM To 6:15 PM | સહકાર પંચાયત (111) |

1. * સંગીત સૈધ્ધાંતિક(146) વિષયની પરીક્ષાનો સમય 10:30 થી 12:45 નો રહેશે.
2. ** કમ્પ્યૂટર પરિચય(331) વિષયની સૈધ્ધાંતિક પરીક્ષા OMR જવાબવહીથી લેવાશે. જેનો સમય 10:30 થી 12:45 નો રહેશે.
3. *** હેલ્થકેર (401), રિટેઇલ (403) , બ્યુટી એન્ડ વેલનેશ (405), એગ્રીકલ્ચર (409), અપેરલ મેડઅપ એન્ડ હોમ ફર્નિશિંગ(411), ઓટોમોટિવ (413) ,ઇલેક્ટ્રોનિકસ એન્ડ હાર્ડવેર (415) , ટુરિઝમ એન્ડ હોસ્પિટાલિટી (417) વિષયની પરીક્ષાનો સમય 10:30 થી 11:45 રહેશે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા

## પૂરક પરીક્ષા-2024 ધોરણ-૧૨ વ્યવસાયલક્ષી પ્રવાહ (A, C, H, T)

| તારીખ/વાર | સમય | વિષય | સમય | વિષય |
|---|---|---|---|---|
| 26/06/2024 (બુધવાર) | 10:30 AM To 1:45 PM | ગુજરાતી (પ્રથમ ભાષા) (001)<br>હિન્દી (પ્રથમ ભાષા) (002)<br>મરાઠી (પ્રથમ ભાષા) (003)<br>ઉર્દૂ (પ્રથમ ભાષા) (004)<br>સિંધી (પ્રથમ ભાષા) (005)<br>અંગ્રેજી (પ્રથમ ભાષા) (006)<br>તામિલ (પ્રથમ ભાષા) (007) | 3:00 PM To 6:15 PM | ગુજરાતી (દ્વિતીય ભાષા) (008)<br>અંગ્રેજી (દ્વિતીય ભાષા) (013) |
| 01/07/2024 (સોમવાર) | 10:30 AM To 1:45 PM | ઉદ્યોગ સાહસિકતા(156) | 3:00 PM To 6:15 PM | પાક-1(165)<br>પશુ સંબંધિત કૃત્રિમ<br>બીજદાન દુગ્ધસ્ત્રાવ (171)<br>એકાઉન્ટસી એન્ડ ઓડિટીંગ પેપર-1(203)<br>એડવાન્સ હાઉસકીપીંગ(217)<br>ફૂડ પ્રોસેસીંગ(223)<br>પેટર્ન મેકીંગ(235)<br>સિસ્ટમ એનાલિસીસ એન્ડ ડિઝાઇન(325) |
| 02/07/2024 (મંગળવાર) | 10:30 AM To 1:45 PM | જીવવિજ્ઞાન અને કૃષિ રસાયણ શાસ્ત્ર(158)<br>અર્થશાસ્ત્ર અને વાણિજ્ય સંચાલન (178)<br>સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને અર્થશાસ્ત્ર(216)<br>પદાર્થવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર (254) | 3:00 PM To 6:15 PM | પાક-2 (167)<br>દૂધ-દૂધની બનાવટો (173)<br>એકાઉન્ટસી એન્ડ ઓડિટીંગ પેપર-2(205)<br>ઇન્ટીરીયર ડેકોરેશન (219)<br>પ્લાન્ટ મેનેજમેન્ટ એન્ડ ફૂડ પેકેજિંગ(225)<br>અદ્યતન કપડાં રચના (237)<br>કમ્પ્યુટર એપ્લિકેશન (327) |
| 03/07/2024 (બુધવાર) | 10:30 AM To 1:45 PM | ક્ષેત્રવ્યવસ્થા અને વિસ્તરણ(169)<br>ડેરી વિસ્તરણ અને આર્થિક નામાપધ્ધતિ(175)<br>એકાઉન્ટસી એન્ડ ઓડિટીંગ પેપર-3 (207)<br>સોશિયલ સ્કીલ્સ રિપોર્ટેબલ મેટર્સ(221)<br>બેકરી એન્ડ કન્ફેકશનરી(227)<br>કલાત્મક પોષાક સંરચના(239)<br>પ્રોગ્રામિંગ લેંગ્વેજ (329) | 3:00 PM To 6:15 PM | હિન્દી (દ્વિતીય ભાષા) (009) |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા

### પૂરક પરીક્ષા-2024, ધોરણ-12 વિજ્ઞાનપ્રવાહ

| તારીખ/વાર | સમય | વિષય |
|---|---|---|
| 24/06/2024(સોમવાર) | 3:00 PM To 6:30 PM | ભૌતિકવિજ્ઞાન (054) |
| 25/06/2024(મંગળવાર) | 3:00 PM To 6:30 PM | અંગ્રેજી (પ્રથમ ભાષા) (006)<br>અંગ્રેજી (દ્વિતીય ભાષા) (013) |
| 26/06/2024(બુધવાર) | 3:00 PM To 6:30 PM | રસાયણવિજ્ઞાન (052) |
| 01/07/2024(સોમવાર) | 3:00 PM To 6:30 PM | ગણિત (050) |
| 02/07/2024(મંગળવાર) | 3:00 PM To 6:30 PM | ગુજરાતી (પ્રથમ ભાષા) (001) |
| | | હિન્દી (પ્રથમ ભાષા) (002) |
| | | મરાઠી (પ્રથમ ભાષા) (003) |
| | | ઉર્દૂ (પ્રથમ ભાષા) (004) |
| | | સિંધી (પ્રથમ ભાષા) (005) |
| | | તામિલ (પ્રથમ ભાષા) (007) |
| | | ગુજરાતી (દ્વિતીય ભાષા) (008) |
| | | હિન્દી (દ્વિતીય ભાષા) (009) |
| | | સંસ્કૃત (129) |
| | | ફારસી (130) |
| | | અરબી (131) |
| | | પ્રાકૃત (132) |
| | 3:00 PM To 5:15 PM | કમ્પ્યૂટર એજ્યુકેશન (સૈદ્ધાંતિક) (331) |
| 03/07/2024(બુધવાર) | 3:00 PM To 6:30 PM | જીવવિજ્ઞાન (056) |

**-: અગત્યની સૂચનાઓ :-**

1. ઉ.મા.પ્ર. પરીક્ષા ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષા બે વિભાગમાં લેવાશે.
2. પ્રથમ ભાગમાં પ્રશ્નપત્રનો PART-A કે જેમાં બહુવિકલ્પ પ્રકારનાં (OMR પદ્ધતિ) ૫૦ પ્રશ્નો હશે અને તેના કુલ ગુણ ૫૦ તથા તેનો સમયગાળો ૬૦ મિનિટનો રહેશે.
3. બીજા ભાગમાં પ્રશ્નપત્રનો PART-B રહેશે. જેમાં વર્ણનાત્મક પ્રકારનાં પ્રશ્નો રહેશે. તેના કુલ ગુણ ૫૦ તથા તેનો સમયગાળો ૧૨૦ મિનિટનો રહેશે.
4. કમ્પ્યુટર એજ્યુકેશન (સૈદ્ધાંતિક)ની પરીક્ષા ફક્ત OMR ઉત્તરપત્રિકાથી લેવામાં આવશે. જેનો સમય **03:00 થી 5:15** નો રહેશે.

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

### માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા

### ધોરણ-10 એસ.એસ.સી. પૂરક પરીક્ષા-2024 સંસ્કૃત પ્રથમાનો કાર્યક્રમ

| તારીખ/વાર | સમય | વિષય |
|---|---|---|
| 24-06-2024 સોમવાર | 10:00 AM થી 01:15 PM | ગણિત (504) |
| 25-06-2024 મંગળવાર | 10:00 AM થી 01:15 PM | સાહિત્યમ્ (502) |
| 26-06-2024 બુધવાર | 10:00 AM થી 01:15 PM | વિજ્ઞાનમ્ (505) |
| 01-07-2024 સોમવાર | 10:00 AM થી 01:15 PM | સામાજિક વિજ્ઞાન (503) |
| 02-07-2024 મંગળવાર | 10:00 AM થી 01:15 PM | અંગ્રેજી (દ્વિતીય ભાષા) (506) |
| 03-07-2024 બુધવાર | 10:00 AM થી 01:15 PM | વ્યાકરણમ્ (501) |
| | 10:00 AM થી 12:15 PM | પૌરોહિત્યમ્ (થિયરી) (507) |
| | | કમ્પ્યૂટર (થિયરી) (508) |
| | | સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ (થિયરી) (509) |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા

## પૂરક પરીક્ષા-2024 ધોરણ-૧૨ સંસ્કૃત મધ્યમા

| તારીખ/વાર | સમય | વિષય |
|---|---|---|
| 24/06/2024 (સોમવાર) | 10:30 AM To 1:45 PM | અનિવાર્ય કાવ્યમ્ (702) |
| 25/06/2024 (મંગળવાર) | 10:30 AM To 1:45 PM | સમાજશાસ્ત્રમ્(703) |
| 26/06/2024 (બુધવાર) | 10:30 AM To 1:45 PM | અંગ્રેજી(નિમ્નસ્તર)(704) |
| 01/07/2024 (સોમવાર) | 10:30 AM To 1:45 PM | મુખ્ય વિષય-1 સાહિત્યમ્(705) |
| 02/07/2024 (મંગળવાર) | 10:30 AM To 1:45 PM | મુખ્ય વિષય-2 સાહિત્યમ્ (706)<br>મુખ્ય વિષય-2 વ્યાકરણમ્ (708) |

| ધોરણ-10 એસ.એસ.સી. પૂરક-2024 જિલ્લા, ઝોન અને તેમાં નોંધાયેલા ઉમેદવારોની સંખ્યા | | | | |
|---|---|---|---|---|
| **SR. NO.** | **DIST NAME** | **ZONE CODE** | **ZONE NAME** | **STUDENT COUNT** |
| 1 | AHMEDABAD CITY | 002 | ASHRAM ROAD (AHMEDABAD) | 10578 |
| 2 | AHMEDABAD RURAL | 008 | JIVRAJPARK (AHMEDABAD RURAL) | 7426 |
| 3 | GANDHINAGAR | 012 | GANDHINAGAR (EAST) | 3079 |
| 4 | BANASKANTHA | 014 | PATALESHWAR (PALANPUR-1) | 6684 |
| 5 | MEHSANA | 019 | MEHSANA (CITY) | 4038 |
| 6 | SABARKANTHA | 022 | HIMMATNAGAR | 4245 |
| 7 | PATAN | 024 | PATAN | 2657 |
| 8 | MODASA | 026 | MODASA | 1952 |
| 9 | KHEDA | 051 | NADIAD | 3682 |
| 10 | PANCHMAHAL | 053 | GODHRA | 3197 |
| 11 | BHARUCH | 055 | BHARUCH | 3692 |
| 12 | VADODARA | 056 | RAOPURA (VADODARA) | 8887 |
| 13 | ANAND | 060 | ANAND | 5638 |
| 14 | DAHOD | 063 | DAHOD | 5130 |
| 15 | NARMDA | 065 | RAJPIPLA (NARMADA) | 1264 |
| 16 | CHHOTA UDEPUR | 066 | CHHOTA UDEPUR | 1676 |
| 17 | MAHISAGAR | 067 | LUNAWADA (MAHISAGAR) | 1783 |
| 18 | DANG | 069 | WAGHAI | 508 |
| 19 | VALSAD | 070 | VALSAD | 5521 |
| 20 | SURAT | 072 | NANPURA (SURAT) | 11105 |
| 21 | NAVSARI | 078 | NAVSARI | 3060 |
| 22 | TAPI | 079 | VYARA | 1706 |
| 23 | AMRELI | 101 | AMRELI | 3479 |
| 24 | KUTCHH | 103 | BHUJ (KUTCHH) | 4507 |
| 25 | JAMNAGAR | 106 | JAMNAGAR (CITY) | 2688 |
| 26 | JUNAGADH | 108 | JUNAGADH | 3909 |
| 27 | BHAVNAGAR | 111 | BHAVNAGAR | 5771 |
| 28 | RAJKOT | 114 | MAVADI (RAJKOT-2) | 6137 |
| 29 | PORBANDAR | 118 | PORBANDAR | 1552 |
| 30 | SURENDRANAAGR | 119 | SURENDRANAGAR (SURENDRANAGAR-1) | 3429 |
| 31 | BOTAD | 121 | BOTAD | 1622 |
| 32 | DEVBHUMI DWARKA | 122 | JAMKHAMBHALIYA | 1549 |
| 33 | GIR SOMNATH | 123 | VERAVAL (GIR SOMNATH) | 3028 |
| 34 | MORBI | 125 | MORBI | 1846 |
| | | | **TOTAL** | **137025** |

- Basic Maths to Standard Maths Student count : 8,748

| ધોરણ-12 એચ.એસ.સી. સામાન્ય પ્રવાહની પૂરક-2024 જિલ્લા, ઝોન અને તેમાં નોંધાયેલા ઉમેદવારોની સંખ્યા | | | | | |
|---|---|---|---|---|---|
| **SR NO** | **ZONE NO.** | **ZONE NAME** | **CENTRE CODE** | **CENTRE NAME** | **COUNT** |
| 1 | 1 | MANINAGAR (AHMEDABAD) | 0108 | MANINAGAR (A'BAD) | 6483 |
| 2 | 2 | JODHPUR (VEJALPUR, AHD) | 0209 | JODHPUR | 3589 |
| 3 | 3 | AMRELI | 0301 | AMRELI | 1700 |
| 4 | 4 | BHUJ-KUTCHH | 0401 | BHUJ | 2129 |
| 5 | 5 | NADIAD | 0505 | NADIAD (CITY) | 2338 |
| 6 | 6 | JAMNAGAR | 0601 | JAMNAGAR | 1481 |
| 7 | 7 | JUNAGADH | 0701 | JUNAGADH | 2568 |
| 8 | 8 | AHWA DANG | 0801 | AHWA (DANG) | 151 |
| 9 | 9 | GODHRA (PMS) | 0901 | GODHRA | 1850 |
| 10 | 10 | PALANPUR (BK) | 1003 | PALANPUR | 2831 |
| 11 | 11 | BHARUCH | 1102 | BHARUCH | 2049 |
| 12 | 12 | BHAVNAGAR | 1201 | BHAVNAGAR EAST | 2007 |
| 13 | 13 | MEHSANA | 1303 | MEHSANA EAST | 1772 |
| 14 | 14 | RAJKOT | 1404 | RAJKOT (EAST) | 2858 |
| 15 | 15 | MANDAVI (BARODA) | 1502 | MANDVI (VADODARA) | 5399 |
| 16 | 16 | VALSAD | 1601 | VALSAD | 1728 |
| 16 | 16 | VALSAD | 2001 | SILVASSA | 439 |
| 17 | 17 | HIMATNAGAR (SK) | 1701 | HIMMATNAGAR | 1473 |
| 18 | 18 | SURAT | 1802 | SURAT | 5310 |
| 19 | 19 | SURENDRANAGAR | 1902 | SURENDRANAGAR | 1384 |
| 20 | 20 | ANAND | 2101 | ANAND | 2468 |
| 21 | 21 | PATAN | 2201 | PATAN | 1189 |
| 22 | 22 | NAVSARI | 2303 | NAVSARI | 1187 |
| 23 | 23 | DAHOD | 2401 | DAHOD | 2541 |
| 24 | 24 | PORBANADAR | 2501 | PORBANDAR | 630 |
| 25 | 25 | NARMADA | 2601 | RAJPIPLA | 693 |
| 26 | 26 | GANDHINAGAR | 2701 | GANDHINAGAR (NORTH) | 1569 |
| 27 | 27 | TAPI | 2801 | VYARA | 511 |
| 28 | 28 | ARAVALLI (MODASA) | 2901 | MODASA | 1074 |
| 29 | 29 | BOTAD | 3001 | BOTAD | 614 |
| 30 | 30 | CHHOTA UDEPUR | 3101 | CHHOTAUDEPUR | 931 |
| 31 | 31 | DEVBHUMI DVARKA (JAMKHMBH | 3202 | JAMKHAMBHALIYA | 615 |
| 32 | 32 | GIR SOMNATH (VERAVAL) | 3301 | VERAVAL | 1255 |
| 33 | 33 | MAHISAGAR (LUNAVADA) | 3401 | LUNAVADA | 587 |
| 34 | 34 | MORBI | 3502 | MORBI | 682 |
| | | | | **TOTAL** | **66085** |

| ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહની પૂરક-2024 જિલ્લા, ઝોન અને તેમાં નોંધાયેલા ઉમેદવારોની સંખ્યા | | | | | |
|---|---|---|---|---|---|
| **DIST CODE** | **DIST NAME** | **A** | **B** | **AB** | **TOTAL** |
| 1 | AHMEDABAD(C) | 1209 | 1561 | 1 | 2771 |
| 2 | AHMEDABAD(R) | 670 | 886 | 2 | 1558 |
| 3 | AMRELI | 147 | 428 | 1 | 576 |
| 4 | KUTCH | 161 | 295 | 0 | 456 |
| 5 | KHEDA | 186 | 597 | 1 | 784 |
| 6 | JAMNAGAR | 146 | 255 | 1 | 402 |
| 7 | JUNAGADH | 224 | 499 | 1 | 723 |
| 8 | DANG | 17 | 68 | 0 | 85 |
| 9 | PANCHMAHAL | 106 | 674 | 1 | 781 |
| 10 | BANASKANTHA | 225 | 737 | 4 | 966 |
| 11 | BHARUCH | 358 | 673 | 0 | 1031 |
| 12 | BHAVNAGAR | 418 | 829 | 2 | 1249 |
| 13 | MAHESANA | 279 | 650 | 2 | 930 |
| 14 | RAJKOT | 655 | 782 | 2 | 1439 |
| 15 | VADODARA | 914 | 1277 | 6 | 2197 |
| 16 | VALSAD | 559 | 1669 | 0 | 2228 |
| 16 | CENTRAL ADMN(1) | 213 | 364 | 0 | 577 |
| 17 | SABARKANTHA | 125 | 822 | 1 | 948 |
| 18 | SURAT | 2085 | 2792 | 4 | 4879 |
| 19 | SURENDRANAGR | 109 | 205 | 1 | 315 |
| 20 | ANAND | 346 | 1187 | 2 | 1535 |
| 21 | PATAN | 83 | 333 | 0 | 416 |
| 22 | NAVSARI | 317 | 1012 | 1 | 1330 |
| 23 | DAHOD | 68 | 836 | 0 | 904 |
| 24 | PORBANDAR | 33 | 91 | 0 | 124 |
| 25 | NARMADA | 56 | 440 | 1 | 497 |
| 26 | GANDHINAGAR | 587 | 987 | 7 | 1581 |
| 27 | TAPI | 103 | 539 | 0 | 642 |
| 28 | ARAVALLI (MODASA) | 89 | 511 | 1 | 601 |
| 29 | BOTAD | 60 | 150 | 1 | 211 |
| 30 | CHHOTA UDEPUR | 40 | 695 | 0 | 735 |
| 31 | DEVBHUMI DWARKA | 22 | 67 | 0 | 89 |
| 32 | GIR SOMNATH | 42 | 320 | 0 | 362 |
| 32 | CENTRAL ADMN(2) | 8 | 31 | 0 | 39 |
| 33 | MAHISAGAR (LUNAVADA) | 78 | 616 | 1 | 695 |
| 34 | MORBI | 103 | 161 | 0 | 264 |
| | **TOTAL** | **10841** | **24039** | **44** | **34920** |

- Number of Best of Two Student : 8030

| ધોરણ-10 એસ.એસ.સી. પૂરક પરીક્ષા - 2024ના ઝોન અને કેન્દ્રોની માહિતી | | | | | | |
|---|---|---|---|---|---|---|
| SR. NO. | DIST CODE | DIST NAME | ZONE CODE | ZONE NAME | CENTRE CODE | CENTRE NAME |
| 1 | 50 | AHMEDABAD CITY | 002 | ASHRAM ROAD (AHMEDABAD) | 5001 | ASHRAM ROAD |
| 2 | 51 | AHMEDABAD RURAL | 008 | JIVRAJPARK (AHMEDABAD RURAL) | 5102 | JIVRAJ PARK |
| 3 | 52 | AMRELI | 101 | AMRELI | 5201 | AMRELI |
| 4 | 53 | KUTCHH | 103 | BHUJ (KUTCHH) | 5303 | BHUJ |
| 5 | 54 | KHEDA | 051 | NADIAD | 5409 | NADIAD ST. |
| 6 | 55 | GANDHINAGAR | 012 | GANDHINAGAR (EAST) | 5506 | GANDHINAGAR |
| 7 | 56 | JAMNAGAR | 106 | JAMNAGAR (CITY) | 5603 | JAMNAGAR CITY |
| 8 | 57 | JUNAGADH | 108 | JUNAGADH | 5703 | JUNAGADH NORTH |
| 9 | 58 | DANGS (AHWA) | 069 | WAGHAI | 5801 | AHWA |
| 10 | 59 | PANCHMAHAL | 053 | GODHRA | 5901 | GODHRA |
| 11 | 60 | BANASKANTHA | 014 | PATALESHWAR (PALANPUR-1) | 6003 | PALANPUR |
| 12 | 61 | BHARUCH | 055 | BHARUCH | 6106 | BHARUCH |
| 13 | 62 | BHAVNAGAR | 111 | BHAVNAGAR | 6201 | BHAVNAGAR (WEST) |
| 14 | 63 | MEHSANA | 019 | MEHSANA (CITY) | 6308 | MEHSANA CITY |
| 15 | 64 | RAJKOT | 114 | MAVADI (RAJKOT-2) | 6406 | RAJKOT EAST |
| 16 | 65 | VADODARA | 056 | RAOPURA (VADODARA) | 6511 | MANDVI, VDR |
| 17 | 66 | VALSAD | 070 | VALSAD | 6604 | SELVAS |
| | | | | | 6606 | VALSAD CITY |
| 18 | 67 | SABARKANTHA | 022 | HIMMATNAGAR | 6702 | HIMMATNAGAR |
| 19 | 68 | SURAT | 072 | NANPURA (SURAT) | 6808 | SURAT NORTH |
| 20 | 69 | SURENDRANAGAR | 119 | SURENDRANAGAR (SURENDRANAGAR-1) | 6903 | SURENDRANAGAR |
| 21 | 73 | ANAND | 060 | ANAND | 7301 | ANAND |
| 22 | 74 | PORBANDAR | 118 | PORBANDAR | 7401 | PORBANDAR |
| 23 | 75 | DAHOD | 063 | DAHOD | 7501 | DAHOD |
| 24 | 76 | NARMADA | 065 | RAJPIPLA (NARMADA) | 7602 | RAJPIPLA |
| 25 | 77 | PATAN | 024 | PATAN | 7704 | PATAN |
| 26 | 78 | NAVSARI | 078 | NAVSARI | 7807 | NAVSARI |
| 27 | 79 | TAPI | 079 | VYARA | 7903 | VYARA |
| 28 | 80 | ARAVALI (MODASA) | 026 | MODASA | 8007 | MODASA |
| 29 | 81 | BOTAD | 121 | BOTAD | 8103 | BOTAD |
| 30 | 82 | CHHOTA UDEPUR | 066 | CHHOTA UDEPUR | 8202 | CHHOTA UDEPUR |
| 31 | 83 | DEVBHUMI DWARKA | 122 | JAMKHAMBHALIYA | 8304 | KHAMBHALIYA |
| 32 | 84 | GIR SOMNATH (VERAVAL) | 123 | VERAVAL (GIR SOMNATH) | 8403 | VERAVAL |
| | | | | | 8405 | DIV |
| 33 | 85 | MAHISAGAR (LUNAWADA) | 067 | LUNAWADA (MAHISAGAR) | 8505 | LUNAWADA |
| 34 | 86 | MORBI | 125 | MORBI | 8601 | MORBI |

| વિજ્ઞાન પ્રવાહ/ સામાન્ય પ્રવાહ પૂરક-2024 પરીક્ષા જિલ્લાવાર કેન્દ્રોની યાદી | | | | |
|---|---|---|---|---|
| DIST CODE | DIST NAME | CENTRE NUMBER | CENTRE NAME | CENTRE COUNT |
| 1 | અમદાવાદ(શહેર) | 108 | મણીનગર | 01 |
| 2 | અમદાવાદ(ગ્રામ્ય) | 209 | જોધપુર | 01 |
| 3 | અમરેલી | 301 | અમરેલી | 01 |
| 4 | ભુજકચ્છ- | 401 | ભુજ (કચ્છ) | 01 |
| 5 | ખેડા (નડિયાદ) | 505 | નડિયાદ(શહેર) | 01 |
| 6 | જામનગર | 601 | જામનગર | 01 |
| 7 | જુનાગઢ | 701 | જુનાગઢ | 01 |
| 8 | આહવાડાંગ- | 801 | આહવા(ડાંગ) | 01 |
| 9 | પંચમહાલ(ગોધરા) | 901 | ગોધરા | 01 |
| 10 | બનાસકાંઠા | 1003 | પાલનપુર | 01 |
| 11 | ભરૂચ | 1102 | ભરૂચ | 01 |
| 12 | ભાવનગર | 1201 | ભાવનગર | 01 |
| 13 | મહેસાણા(શહેર) | 1303 | મહેસાણા(પૂર્વ) | 01 |
| 14 | રાજકોટ | 1404 | રાજકોટ(શહેર) | 01 |
| 15 | વડોદરા | 1502 | માંડવી(વડોદરા) | 01 |
| 16 | વલસાડ | 1601 | વલસાડ | 01 |
| 17 | સાબરકાંઠા | 1701 | હિંમતનગર | 01 |
| 18 | સુરત | 1802 | સુરત | 01 |
| 19 | સુરેન્દ્રનગર | 1902 | સુરેન્દ્રનગર | 01 |
| 20 | આણંદ | 2101 | આણંદ | 01 |
| 21 | પાટણ | 2201 | પાટણ | 01 |
| 22 | નવસારી | 2303 | નવસારી | 01 |
| 23 | દાહોદ | 2401 | દાહોદ | 01 |
| 24 | પોરબંદર | 2501 | પોરબંદર | 01 |
| 25 | નર્મદા(રાજપીપળા) | 2601 | રાજપીપળા | 01 |
| 26 | ગાંધીનગર | 2701 | ગાંધીનગર | 01 |
| 27 | તાપી(વ્યારા) | 2801 | વ્યારા | 01 |
| 28 | અરવલ્લી )મોડાસા( | 2901 | મોડાસા | 01 |
| 29 | બોટાદ | 3001 | બોટાદ | 01 |
| 30 | છોટાઉદેપુર | 3101 | છોટાઉદેપુર- | 01 |
| 31 | દેવભૂમિ દ્વારકા | 3202 | જામખંભાળીયા | 01 |
| 32 | ગીરસોમનાથ | 3301 | વેરાવળ | 01 |
| 33 | મહિસાગર(લુણાવાડા) | 3401 | લુણાવાડા | 01 |
| 34 | મોરબી | 3502 | મોરબી | 01 |

# ધોરણ-10 એસ.એસ.સી. પૂરક-2024 ઝોન વાઈઝ તારીજ

| SR. NO | ZONE CODE | ZONE NAME | STUD. COUNT | CENTRE COUNT | BLDG COUNT | BLOCK COUNT |
|---|---|---|---|---|---|---|
| 1 | 02 | ASHRAM ROAD (AHMEDABAD) | 10578 | 2 | 27 | 248 |
| 2 | 08 | JIVRAJPARK (AHMEDABAD RURAL) | 7426 | 1 | 16 | 190 |
| 3 | 03 | GANDHINAGAR (EAST) | 3079 | 1 | 7 | 69 |
| 4 | 04 | PATALESHWAR (PALANPUR-1) | 6684 | 1 | 16 | 169 |
| 5 | 5 | MEHSANA (CITY) | 4038 | 1 | 12 | 112 |
| 6 | 6 | HIMMATNAGAR | 4245 | 1 | 10 | 96 |
| 7 | 7 | PATAN | 2657 | 1 | 8 | 71 |
| 8 | 8 | MODASA | 1952 | 1 | 6 | 52 |
| 9 | 9 | NADIAD | 3682 | 1 | 10 | 100 |
| 10 | 10 | GODHRA | 3197 | 1 | 8 | 77 |
| 11 | 11 | BHARUCH | 3692 | 1 | 11 | 102 |
| 12 | 12 | RAOPURA (VADODARA) | 8887 | 2 | 27 | 251 |
| 13 | 13 | ANAND | 5638 | 1 | 15 | 159 |
| 14 | 14 | DAHOD | 5130 | 1 | 12 | 125 |
| 15 | 15 | RAJPIPLA (NARMADA) | 1264 | 1 | 4 | 34 |
| 16 | 16 | CHHOTA UDEPUR | 1676 | 1 | 4 | 45 |
| 17 | 17 | LUNAWADA (MAHISAGAR) | 1783 | 1 | 4 | 43 |
| 18 | 18 | WAGHAI | 508 | 1 | 2 | 16 |
| 19 | 19 | VALSAD | 5521 | 3 | 12 | 144 |
| 20 | 20 | NANPURA (SURAT) | 11105 | 2 | 31 | 295 |
| 21 | 21 | NAVSARI | 3060 | 1 | 9 | 84 |
| 22 | 22 | VYARA | 1706 | 1 | 5 | 48 |
| 23 | 23 | AMRELI | 3479 | 1 | 12 | 107 |
| 24 | 24 | BHUJ (KUTCHH) | 4507 | 1 | 12 | 127 |
| 25 | 25 | JAMNAGAR (CITY) | 2688 | 1 | 8 | 78 |
| 26 | 26 | JUNAGADH | 3909 | 1 | 11 | 118 |
| 27 | 27 | BHAVNAGAR | 5771 | 1 | 17 | 171 |
| 28 | 28 | MAVADI (RAJKOT-2) | 6137 | 2 | 21 | 180 |
| 29 | 29 | PORBANDAR | 1552 | 1 | 5 | 46 |
| 30 | 30 | SURENDRANAGAR (SURENDRANAGAR-1) | 3429 | 1 | 12 | 100 |
| 31 | 31 | BOTAD | 1622 | 1 | 6 | 50 |
| 32 | 32 | JAMKHAMBHALIYA | 1549 | 1 | 6 | 46 |
| 33 | 33 | VERAVAL (GIR SOMNATH) | 3028 | 2 | 10 | 94 |
| 34 | 34 | MORBI | 1846 | 1 | 7 | 57 |
| | | TOTAL | 137025 | 41 | 383 | 3704 |

# ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ પૂરક-2024 ઝોન વાઈઝ તારીજ

| SR. NO. | ZONE CODE | ZONE NAME | CENTRE CNT | STUD. COUNT | BLDG COUNT | BLOCK COUNT |
|---|---|---|---|---|---|---|
| 1 | 1 | MANINAGAR (A'BAD CITY) | 1 | 2771 | 13 | 136 |
| 2 | 2 | JODHPUR (VEJALPUR) (RURAL | 1 | 1558 | 8 | 77 |
| 3 | 3 | AMRELI | 1 | 576 | 3 | 28 |
| 4 | 4 | BHUJ-KUTCHH | 1 | 456 | 2 | 23 |
| 5 | 5 | NADIAD | 1 | 784 | 4 | 38 |
| 6 | 6 | JAMNAGAR | 1 | 402 | 2 | 19 |
| 7 | 7 | JUNAGADH | 1 | 723 | 4 | 37 |
| 8 | 8 | AHWA DANG | 1 | 85 | 1 | 5 |
| 9 | 9 | GODHRA (PMS) | 1 | 781 | 4 | 39 |
| 10 | 10 | PALANPUR (BK) | 1 | 966 | 5 | 46 |
| 11 | 11 | BHARUCH | 1 | 1031 | 6 | 51 |
| 12 | 12 | BHAVNAGAR | 1 | 1249 | 6 | 59 |
| 13 | 13 | MEHSANA | 1 | 930 | 5 | 45 |
| 14 | 14 | RAJKOT | 1 | 1439 | 7 | 69 |
| 15 | 15 | MANDAVI (BARODA) | 1 | 2197 | 10 | 107 |
| 16 | 16 | VALSAD | 1 | 2805 | 12 | 137 |
| 17 | 17 | HIMATNAGAR (SK) | 1 | 948 | 5 | 47 |
| 18 | 18 | SURAT | 1 | 4879 | 21 | 240 |
| 19 | 19 | SURENDRANAGAR | 1 | 315 | 2 | 16 |
| 20 | 20 | ANAND | 1 | 1535 | 7 | 75 |
| 21 | 21 | PATAN | 1 | 416 | 2 | 21 |
| 22 | 22 | NAVSARI | 1 | 1330 | 6 | 66 |
| 23 | 23 | DAHOD | 1 | 904 | 5 | 45 |
| 24 | 24 | PORBANDAR | 1 | 124 | 1 | 6 |
| 25 | 25 | NARMADA | 1 | 497 | 2 | 26 |
| 26 | 26 | GANDHINAGAR | 1 | 1581 | 8 | 76 |
| 27 | 27 | TAPI | 1 | 642 | 4 | 33 |
| 28 | 28 | MODASA | 1 | 601 | 3 | 31 |
| 29 | 29 | BOTAD | 1 | 211 | 1 | 11 |
| 30 | 30 | CHOOTA UDEPUR | 1 | 735 | 3 | 37 |
| 31 | 31 | JAMKHAMBHALIYA | 1 | 89 | 1 | 5 |
| 32 | 32 | VERAVAL | 1 | 401 | 2 | 21 |
| 33 | 33 | LUNAWADA | 1 | 695 | 3 | 34 |
| 34 | 34 | MORBI | 1 | 264 | 2 | 14 |
| | | TOTAL | 34 | 34920 | 170 | 1720 |

# ધોરણ-12 સામાન્ય પ્રવાહ પૂરક-2024 ઝોન વાઈઝ તારીજ

| SR. NO | ZONE CODE | ZONE NAME | STUD. COUNT | CENTRE COUNT | USED BLDG | USED BLOCK |
|---|---|---|---|---|---|---|
| 1 | 1 | MANINAGAR (AHMEDABAD) | 6483 | 1 | 9 | 86 |
| 2 | 2 | JODHPUR (VEJALPUR, AHD) | 3589 | 1 | 5 | 51 |
| 3 | 3 | AMRELI | 1700 | 1 | 3 | 23 |
| 4 | 4 | BHUJ-KUTCHH | 2129 | 1 | 3 | 29 |
| 5 | 5 | NADIAD | 2338 | 1 | 4 | 35 |
| 6 | 6 | JAMNAGAR | 1481 | 1 | 2 | 20 |
| 7 | 7 | JUNAGADH | 2568 | 1 | 3 | 29 |
| 8 | 8 | AHWA DANG | 151 | 1 | 1 | 4 |
| 9 | 9 | GODHRA (PMS) | 1850 | 1 | 3 | 25 |
| 10 | 10 | PALANPUR (BK) | 2831 | 1 | 5 | 48 |
| 11 | 11 | BHARUCH | 2049 | 1 | 4 | 37 |
| 12 | 12 | BHAVNAGAR | 2007 | 1 | 2 | 20 |
| 13 | 13 | MEHSANA | 1772 | 1 | 3 | 23 |
| 14 | 14 | RAJKOT | 2858 | 1 | 4 | 31 |
| 15 | 15 | MANDAVI (BARODA) | 5399 | 1 | 7 | 69 |
| 16 | 16 | VALSAD | 2167 | 2 | 3 | 26 |
| 17 | 17 | HIMATNAGAR (SK) | 1473 | 1 | 3 | 21 |
| 18 | 18 | SURAT | 5310 | 1 | 8 | 76 |
| 19 | 19 | SURENDRANAGAR | 1384 | 1 | 2 | 20 |
| 20 | 20 | ANAND | 2468 | 1 | 3 | 28 |
| 21 | 21 | PATAN | 1189 | 1 | 2 | 18 |
| 22 | 22 | NAVSARI | 1187 | 1 | 2 | 14 |
| 23 | 23 | DAHOD | 2541 | 1 | 4 | 32 |
| 24 | 24 | PORBANADAR | 630 | 1 | 1 | 9 |
| 25 | 25 | NARMADA | 693 | 1 | 1 | 9 |
| 26 | 26 | GANDHINAGAR | 1569 | 1 | 2 | 15 |
| 27 | 27 | TAPI | 511 | 1 | 1 | 5 |
| 28 | 28 | ARAVALLI (MODASA) | 1074 | 1 | 2 | 16 |
| 29 | 29 | BOTAD | 614 | 1 | 1 | 8 |
| 30 | 30 | CHHOTA UDEPUR | 931 | 1 | 1 | 10 |
| 31 | 31 | DEVBHUMI DVARKA (JAMKHMBH | 615 | 1 | 2 | 11 |
| 32 | 32 | GIR SOMNATH (VERAVAL) | 1255 | 1 | 2 | 10 |
| 33 | 33 | MAHISAGAR (LUNAVADA) | 587 | 1 | 1 | 8 |
| 34 | 34 | MORBI | 682 | 1 | 1 | 9 |
| | | TOTAL | 66085 | 35 | 100 | 875 |

# પરીક્ષા સંબંધિત અગત્યની સૂચનાઓ

અગામી પૂરક-2024ની પરીક્ષા રાજ્યના તમામ કેન્દ્રો પર ગેરરીતીરહિત, શાંતિપૂર્ણ વાતાવરણમાં લેવામાં આવે તે માટે સુચારુ સંચાલનના ભાગરૂપે નીચે મુજબની કેટલીક સૂચનાઓ આપવામાં આવે છે. જેની જિલ્લા કક્ષાએથી અમલવારી થાય તેવું આયોજન કરશો.

(1) CCTV કૅમેરા અને ટેબલેટનું રેકોર્ડિંગ લગભગ તમામ પરીક્ષા કેન્દ્રો પર સુનિશ્ચિત કરવામાં આવેલ હોવાથી તેમનું પરીક્ષાસ્થળ પર LIVE VIEWING CCTV સુપરવાઈઝર દ્વારા થાય તે માટે આપની કચેરીએથી જિલ્લા કલેક્ટરશ્રીના પરામર્શમાં રહી ટેક્નિકલ સ્ટાફ માટે BE/BCA/MCA/ પોલિટેનિક/ITI/કમ્પ્યૂટર શિક્ષક વગેરે ટેક્નિકલ કર્મચારીના નામ મેળવી દરેક બિલ્ડિંગ ઉપર એક CCTV સુપરવાઈઝરની વ્યવસ્થા કરવી.

(2) CCTV LIVE VIEWINGનું પરીક્ષા સમય દરમ્યાન સમયાંતરે સ્થળસંચાલક તથા સરકારી પ્રતિનિધિએ અને સ્કોર્ડ પ્રતિનિધિએ નિરીક્ષણ કરવાનું રહેશે.

(3) પરીક્ષા પૂર્ણ થયા બાદ CCTV રેકોર્ડિંગની DVD કેન્દ્ર સંચાલકે બે કોપીમાં સરકારી પ્રતિનિધિ મારફત ઝોનલ અધિકારીને મોકલવાની રહેશે. જો તે દિવસે રેકોર્ડિંગની DVD આપી શકાય તેમ ન હોય તો બીજા દિવસે અવશ્ય મોકલી આપવાની રહેશે.

(4) પરીક્ષા પૂર્ણ થયા બાદ જિલ્લામાં સમાવિષ્ટ તમામ બિલ્ડિંગ/બ્લોકની DVDનું VIEWING જિલ્લા કક્ષાએ નીચે મુજબની કમિટીએ જોવાનું રહેશે.

(1) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (2) પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારીશ્રી

(3) ડાયટના આચાર્યશ્રી (4) કલેક્ટરશ્રીની કચેરીના પ્રતિનિધિ (5) ટેક્નિકલ જાણકાર પ્રતિનિધિ

**આ કમિટી દ્વારા થયેલ DVD VIEWING દરમિયાન ગેરરીતિ થયાનું માલુમ પડેલ હોય તેવા કિસ્સામાં વિદ્યાર્થી, ખંડનિરીક્ષક, સ્થળસંચાલક વગેરેની સુનાવણી કર્યાના આધારો સહિતનો DVD VIEWING કામગીરી અંગેનો સંપૂર્ણ અહેવાલ બોર્ડને મોકલી આપવાનો રહેશે.**

(5) બોર્ડ દ્વારા લેવાની પરીક્ષાઓમાં CCTV કૅમેરાની વ્યવસ્થાને આધારે અસરકારક અને પરિણામલક્ષી બનાવવા અંગેનો પરિપત્ર ક્રમાંક : મઉમશબ / પરીક્ષા / માર્ચ-2019/461–531 તા. 10/02/2019 અને ક્રમાંક : મઉમશબ/ પરીક્ષા માર્ચ-2019/596-661 તા. 21-02-2019ને અનુસરવાનું રહેશે.

(6) પરીક્ષાના સ્થળ ખાતે જે તે વિષયના પ્રશ્નપત્ર વખતે તે જ વિષયના સુપરવાઈઝર/રીલીવરની નિમણૂક કરવામાં ન આવે તે અંગેની સંપૂર્ણ તકેદારી રાખવી. સ્થળસંચાલક પાસેથી દરરોજના બ્લોક વાઈઝ ફાળવેલ ખંડનિરીક્ષકની વિગત દર્શાવતો અહેવાલ મંગાવવાનો રહેશે.

(7) પરીક્ષાસ્થળ પર પ્રશ્નપત્રનું સીલબંધ પાર્સલ CCTV કૅમેરાની સામે સ્થળસંચાલક, સરકારી પ્રતિનિધિ અને બે ખંડનિરીક્ષકની હાજરીમાં આ તમામની સહી લઈને ખોલવાનું રહેશે તેમજ તે અંગેનું નિયત નમૂનાનું પ્રમાણપત્ર ઝોનલને સરકારી પ્રતિનિધિ મારફત મોકલવાનું રહેશે, તેવી સ્પષ્ટ સૂચનાની અમલવારી તમામ પરીક્ષાકેન્દ્રો પર થાય તે જોવાનું રહેશે.

(8) પરીક્ષા અગાઉ જિલ્લામાં કાર્યરત ઇલેક્ટ્રોનિક મીડિયા અને પ્રિન્ટ મીડિયા સાથે સંવાદ યોજી પરીક્ષાની પૂર્વ તૈયારીઓ

બાબતે સમાજમાં બહોળી જાણકારી મળે તેવા પ્રયત્નો કરવા. પ્રેસમાં છપાતા પરીક્ષાલક્ષી સમાચારોની નકલની ફાઈલ બનાવવી, જો કોઈ અણછાજતી ઘટના બાબતના સમાચાર હોય તો તેની એક નકલ પરીક્ષા શાખાને સત્વરે E- mail કરવી.

(9) જિલ્લા કક્ષાએ પરીક્ષા અગાઉ સ્થળસંચાલક, સરકારી પ્રતિનિધિની તાલીમ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની રાહબરી નીચે થાય તેવું આયોજન હાથ ધરવું.

(10) પરીક્ષા દરમિયાન અને તે પહેલાં પરીક્ષાલક્ષી ભય કે માનસિક તનાવ અનુભવતા વિદ્યાર્થીઓને ઉચિત કાઉન્સેલિંગ મળી રહે તે માટે શાળા /કૉલેજના નિવૃત્ત શિક્ષકો/અધ્યાપકો/આચાર્યશ્રીઓ/ઍવોર્ડ વિજેતા શિક્ષકો/સમાજ સેવી નાગરિકો ખ્યાતનામ વ્યક્તિઓ/મનોવૈજ્ઞાનિકો વગેરેની સહાય લઈ ટીમ બનાવી વિદ્યાર્થીઓ તથા વાલીઓને માર્ગદર્શન મળી રહે તેવી વ્યવસ્થા કરવી.

(11) જિલ્લા કક્ષાએ જિલ્લા પરીક્ષા સમિતિના અધ્યક્ષની રાહબરી હેઠળ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ તમામ સ્ટાફને ઉપરોક્ત મુદ્દાઓ અને તદ્ઉપરાંત પરીક્ષાલક્ષી વ્યવસ્થાપનને લગતી અન્ય બાબતો અંગે વાકેફ કરવા તથા જરૂરી તાલીમ અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

S.S.C. અને H.S.C. ની આગામી 2024નીપરીક્ષાના સંચાલનમાં સંકળાયેલા તમામ અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓ સરકારશ્રી દ્વારા સોંપાયેલ આપણી ફરજ નિષ્ઠાપૂર્વક નિભાવી ભારતના ભાવિ એવા વિદ્યાર્થીઓના શિક્ષણની મૂલ્યાંકન પ્રક્રિયાનું સફળ રીતે સંચાલન કરીએ તેવી અભ્યર્થના...